રાજ્યમાં ૧૫,૦૦૦ તલાટીની ઘટ

ગ્રામજનોએ ભારે હાલાકી વેઠવી પડી રહી છે : સરકાર પણ ઈચ્છી રહી છે કે નવા તલાટીઓની ઝડપી પસંદગી કરવામાં આવે કે જેથી ગ્રામજનોની સમસ્યાને ઝડપથી દૂર કરી શકાય

ગાંધીનગર, તા.૨૭

ગુજરાતમાં વારંવાર બની રહેલી પેપર ફૂટવાની ઘટનાના કારણે ભરતી પરીક્ષાઓની તૈયારી કરી રહેલા ઉમેદવારો નાખુશ છે, બીજી તરફ પેપર ફુટવાના કારણે નાગરિકો અને સરકારે પણ હાલાકી ભોગવવી પડી રહી છે. આવામાં પરીક્ષાઓ ટૂંક સમયમાં યોજાય અને તેના ઝડપી પરિણામ આવે તે માટેના આયોજનો કરવામાં આવી રહ્યા છે. રાજ્યમાં અંદાજીત ૧૫,૦૦૦ તલાટીઓની જગ્યા ખાલી પડી છે, તલાટીઓની અછતના કારણે ગ્રામજનોએ ભારે હાલાકી ભોગવવી પડી રહી છે. એક તલાટીના હાથમાં એકથી વધારે ગામોની જવાબદારી હોવાથી સરકારી કામો ઝડપથી પૂર્ણ કરી શકાતા નથી. જોકે, સરકાર પણ ઈચ્છી રહી છે કે નવા તલાટીઓની ઝડપી પસંદગી કરવામાં આવે કે જેથી ગ્રામજનોની સમસ્યાને ઝડપથી દૂર કરી શકાય. રાજ્યના મોટાભાગના ગામોમાં તલાટીઓની ઘટ છે.

ગામ દીઠ એક તલાટી હોવો જોઈએ, તેની જગ્યાએ એક તલાટી પાસે એકથી વધુ ગામડાની જવાબદારી સોંપવામાં આવી છે. જેના લીધે લોકોના કામ અટકી પડે છે. તકલીફ વેઠી રહેલા કેટલા જિલ્લાઓની વાત કરીએ તો- બનાસકાંઠાના વડગામ તાલુકામાં કરનાળા ગ્રુપ ગ્રામ પંચાયતમાંથી હતાવાડા, સબલપુર અને થુર ગ્રામ પંચાયતનું ૧૪ મહિના પહેલા વિભાજન થયું છે, ત્રણેય ગામોની પંચાયતો અલગ બની છે, છતાં ૬ ગામનો વહીવટ એક જ તલાટીથી ચાલે છે. આ રીતે વલસાડ જિલ્લાનાં સૌથી મોટા પારનેરા ગામમાં પણ કાયમી તલાટી નથી. અન્ય ગામની જવાબદારી સંભાળતા તલાટી સપ્તાહમાં એક વખત ગામમાં આવે છે. ગામની વસ્તી ૨૦ હજારની હોવા છતાં આ સ્થિતિ પ્રવર્તિ રહી છે. રાજકોટના જેતપુરમાં ૪૮ ગામો વચ્ચે માત્ર ૨૫ તલાટી મંત્રી છે. ગ્રામજનો દ્વારા પોતાના ગામમાં તલાટીની અછત હોવા અંગે ઉપલા લેવલે ઘણી રજૂઆતો કરી છે, પરંતુ તેનું કોઈ પરિણામ આવતું નથી. લોકોએ સરકારી કામકાજ માટે પથી ૬ કિલોમીટરના ચક્કર કાપવા પડે છે. જોકે, આમ છતાં તેમના કામ પૂર્ણ થશે તેવી બાંહેધરી તેમને મળતી નથી. ગામ જેટલું મોટું હોય, તે પ્રમાણે તલાટીની હાજરીની જરૂર વધુ પડે છે. જોકે, મોટા ભાગના ગામડામાં આ બાબતને ધ્યાને નથી લેવાઈ. હાલ ઈન્ચાર્જ તલાટીઓથી જ કામ ચાલી રહ્યું છે. જેના લીધે ગ્રામજનોએ પોતાના સરકારી કામો માટે એક ગામથી બીજે ગામ ધક્કા ખાવા પડી રહ્યા છે. રાજ્યના ગામોમાં તલાટીની અછત અંગે લોકોને પડતી હાલાકી વિષે સરકારના મંત્રી બચુભાઈ ખાબડે જણાવ્યુ કે, તલાટીની ઘટ ને જોતા તેઓ તલાટી ભરતી પરીક્ષા તુરંત યોજવા પ્રયાસો કરી રહ્યા છે. આ સાથે તેમણે જણાવ્યું કે, પરીક્ષા વહેલી તકે યોજીને પરિણામ સાથે જ નવા તલાટીઓને તાત્કાલિક પોસ્ટિંગ સોંપાય તે માટે ઝડપી કામગીરી હાથ ધરવામાં આવશે. જી હસમુખ પટેલે આ અંગે ૧૬ ફેબ્રુારીએ ટ્વિટ કરીને જણાવ્યું હતું કે, પંચાયત સેવા પસંદગી બોર્ડ તલાટીની લેખિત પરીક્ષા ૨૩ એપ્રિલના રોજ લેવા માંગે છે. ત્યારે પૂરતા પરીક્ષા કેન્દ્રો ઉપલબ્ધ છે કે કેમ તેની વિગતો જિલ્લાઓ પાસેથી મંગાવવામાં આવેલ છે. વિગતો ઉપલબ્ધ થયા બાદ તારીખ જાહેર કરવામાં આવશે. જોકે, આમ છતાં આ તમામ પ્રક્રિયાને પૂર્ણ થતાં ચાર મહિના જેટલો સમય લાગશે તેવી સંભાવના વ્યક્ત કરવામાં આવી રહી છે. ત્યાં સુધી ગ્રામજનોએ તો તલાટી માટે એક ગામથી બીજા ગામ ધક્કા ખાવા પડશે તે નિશ્ચિત છે.

સરકારને બે વર્ષમાં પેટ્રોલમાં ૬૦૪૦.૦૧ કરોડની આવક

બે વર્ષમાં ડિઝલમાં ૧૨૭૩૧.૭૯ કરોડ, સીએનજીથી ૩૮૯ કરોડ અને પીએનજીથી ૧૨૬ કરોડની આવક થઈ

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગરમાં વિધાનસભાનું સત્ર શરૂ થઈ ગયું છે. આ સત્ર દરમિયાન રાજ્ય સરકારે એક સવાલના જવાબમાં જણાવ્યું હતું કે, છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારને પેટ્રોલમાં ૬૦૪૦.૦૧ કરોડ અને ડિઝલમાં ૧૨૭૩૧.૭૯ કરોડની આવક થઈ છે. જ્યારે સીએનજીથી ૩૮૯ કરોડ અને પીએનજીથી ૧૨૬ કરોડની થઈ આવક થવા પામી છે. રાજ્ય સરકાર પેટ્રોલ પર ૧૩.૭ ટકા જ્યારે ડીઝલ પર ૧૪.૯ ટકા તથા સીએનજી અને પીએનજી પર ૧૫ ટકા વેરો વસૂલે છે. રાજ્ય સરકારે વિધાનસભા ગૃહમા એક સવાલના જવાબમાં લેખિતમાં જણાવ્યું હતું કે, પેટ્રોલમાં વર્ષ ૨૦૨૧ થી ૨૦૨૨ સુધી માં ૬૦૪૦.૦૧ કરોડ ની આવક થઈ, જ્યારે ડીઝલમાં વર્ષ ૨૦૨૧ થી ૨૦૨૩ સુધીમાં. ૧૨૭૩૧.૭૯ કરોડ રૂપિયાની આવક થઇ છે. સીએનજીમાં વર્ષ ૨૦૨૧ થી ૨૦૨૨ સુધીમાં ૧૯૧.૭૫ કરોડ રૂપિયા ની આવક થવા પામી છે. જ્યારે પીએનજીવર્ષ ૨૦૨૧ થી ૨૦૨૨ સુધીમાં ૬૮.૩૧ કરોડની આવક થઈરાજ્ય સરકારે સવાલના જવાબમાં વધુમાં જણાવ્યું હતું કે, પેટ્રોલમાં વર્ષ ૨૦૨૨થી ૨૩ સુધીમાં ૬૦૦૮.૬૯ કરોડ, ડીઝલમાં વર્ષ ૨૦૨૨ થી ૨૦૨૩માં કુલ ૧૩૯૫૧.૨૭ કરોડની આવક થવા પામી છે. સીએનજીમાં વર્ષ ૨૦૨૨ થી ૨૦૨૩ માં કુલ ૧૯૮.૪૪ કરોડ તથા પીએનજીમાં વર્ષ ૨૦૨૨ થી ૨૦૨૩ માં કુલ ૫૮.૦૯ કરોડની આવક થઈ છે. કુલ રકમની વાત કરીએ તો પેટ્રોલમાંથી ૧૨૦૪૮.૭ કરોડ તથા ડિઝલમાં ૨૬૬૮૨ કરોડની આવક થઈ છે. જ્યારે સીએનજીમાં ૩૮૯ કરોડ અને પીએનજીમાં ૧૨૬ કરોડની આવક થઈ છે. રાજ્ય સરકાર પેટ્રોલ પર ૧૩.૭ ટકા જ્યારે ડીઝલ પર ૧૪.૯ ટકા ટેક્સ વસૂલે છે. જ્યારે સીએનજીઅને પીએનજીપર સરકાર ૧૫ ટકા ટેક્સ વસૂલે છે.

ઓકિઓર એનર્જી ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડે ગુજરાત સરકાર સાથે MoU કર્યા

૪૦ હજાર કરોડ રૂપિયાના રોકાણ સાથે ગુજરાતમાં ગ્રીન હાઈડ્રોજન-ગ્રીન એમોનિયા ઉત્પાદન તથા જરૂરી રિન્યુએબલ એનર્જી પ્રોજેક્ટ ૨૦૩૦ સુધીમાં બે તબક્કામાં શરૂ કરાશે : ૧૦,૪૦૦ જેટલા પ્રત્યક્ષ-પરોક્ષ રોજગાર અવસર મળશે

ગાંધીનગર, તા.૨૭

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગ્રીન ગ્રોથની નેમ સાથે નેટ ઝીરો કાર્બન ઈમિશન અને

ગ્રીન ક્લીન એનર્જી માટે કરેલા આહવાનને ગુજરાત ઝીલી લેવા સજ્જ બન્યું છે.

આ દિશામાં એક મહત્વપૂર્ણ કદમ ભરતાં મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં રાજ્ય સરકારના ઊદ્યોગ વિભાગ અને ઓકિઓર એનર્જી ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ વચ્ચે ગાંધીનગરમાં સંપન્ન થયા હતા.

આ MoU કચ્છ જિલ્લામાં ૧ મિલિયન ટન પ્રતિવર્ષની ઉત્પાદન ક્ષમતાના ગ્રીન હાઈડ્રોજન-ગ્રીન એમોનિયા પ્રોજેક્ટના વિકાસ માટે કરવામાં આવ્યા છે.

રૂપિયા ૪૦ હજાર કરોડના કુલ રોકાણ સાથે આ સૂચિત પ્રોજેક્ટ બે તબક્કામાં ૨૦૩૦ સુધીમાં પૂર્ણ કરવાનું અને તેના દ્વારા અંદાજે ૧૦,૪૦૦ જેટલી પ્રત્યક્ષ-પરોક્ષ રોજગારીના સર્જનનું લક્ષ્ય છે.

ઊદ્યોગ મંત્રીશ્રી બલવંતસિંહ રાજપૂતની ઉપસ્થિતિમાં આ MoU કરતાં વિકાસકાર ઊદ્યોગજૂથ ઓકિઓર એનર્જીના સી.ઈ.ઓ. શ્રી રણજિત ગુપ્તાએ જણાવ્યું કે, આ પ્રોજેક્ટથી વડાપ્રધાનશ્રીની મેઈક ઈન ઈન્ડિયા-મેઈક ફોર ધ વર્લ્ડની સંકલ્પના સાકાર કરીને પ્લાન્ટમાં ઉત્પાદિત થનાર એમોનિયાને ગુજરાતમાંથી આંતરરાષ્ટ્રીય સ્થળોએ પણ મોકલી શકાશે.

ઊદ્યોગ વિભાગના અધિક મુખ્ય સચિવશ્રી કમલ દયાનીએ તથા ઓકિઓર એનર્જીના સી.ઈ.ઓ. શ્રી રણજિત ગુપ્તા સે પર હસ્તાક્ષર કરીને આપ-લે કરી હતી. અત્રે નિર્દેશ કરવો જરૂરી છે કે ઓકિઓર એ છઢ્ઢ્ર્સ, અબુધાબીમાં શરૂ થયેલી ગ્રીન હાઈડ્રોજન અને ગ્રીન એમોનિયા ક્ષેત્રની અગ્રણી કંપની છે. સમગ્ર ભારત, મધ્ય પૂર્વ તથા ઉત્તરી આફ્રિકા(સ્ઈદ્રછ) પ્રદેશમાં ૪ ઘ્ઉ ક્ષમતાના ગ્રીન હાઈડ્રોજન અને ગ્રીન એમોનિયા પ્રોજેક્ટ્સ વિકસાવવા અને બનાવવાનું લક્ષ્ય આ કંપની ધરાવે છે. પોતાનો આવો જ વધુ એક પ્રોજેક્ટ શરૂ કરવા તેમણે ગુજરાતની પસંદગી કરી છે. આ MoU અવસરે મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવશ્રી કૈલાસનાથન, ઊદ્યોગ કમિશ્નરશ્રી રાહુલ ગુપ્તા વગેરે પણ ઉપસ્થિત રહ્યા હતા.

કરાઈ અકાદમી ખાતે વગર પરીક્ષાએ તાલીમાર્થી ટ્રેનિંગ લઈ રહ્યો હોવાનો યુવારાજસિંહનો આક્ષેપ

પીએસઆઇ-એએસઆઇ ભરતીમાં લાગવગશાહી અને બનાવટી દસ્તાવેજથી સિસ્ટમેટિક સ્કેમ આચરવામાં આવ્યું હોવાના ગંભીર આક્ષેપો : ૨૦૧૪ પછીની તમામ ભરતીમાં ઉમેદવારોનું ક્રોસ વેરિફિકેશન કરવા માંગ

ગાંધીનગર, તા.૨૭

સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં કૌભાડો અંગે અવાજ ઉઠાવનાર યુવા ન્યાય અધિકાર ચળવળના અગ્રણી યુવરાજસિંહ જાડેજા દ્વારા આજે પોલીસ ભરતી બોર્ડ દ્વારા કુલ ૧૩૮૨ જગ્યાઓ માટે લેવાયેલ પીએસઆઈ-એએસઆઈ ભરતીમાં થયેલ ગેરરીતિ બાબતે ભરતીમાં લાગવગશાહી અને બનાવટી દસ્તાવેજ ઊભા કરી સીધી ભરતીમાં સિસ્ટમેટિક સ્કેમ કરી નોકરી આપવામાં આવી દેવાઈ હોવાના ગંભીર આક્ષેપો કરવામાં આવ્યાં હતા. તેમના જણાવ્યાં અનુસાર કરાઈ અકાદમી ખાતે પોલીસ જવાનો ચાલી રહેલી જવાનોની ટ્રેનિંગમાં વગર પરીક્ષા આપે ટ્રેનિંગ લઈ રહેલા તાલીમાર્થી સામેલ છે જેનું રી-વેરીફિકેશન કરવા સાથે આ એક સુનિયોજિત કૌભાંડ હોવાનું જણાવી વર્ષ ૨૦૧૪ પછીની તમામ ભરતીઓમાં પસંદગી પામીને નોકરી મેળવનાર તમામ ઉમેદવારોનું ક્રોસ વેરિફિકેશન

કરવા માંગ કરી છે.

યુવરાજસિંહના જણાવ્યાં અનુસાર આ ઉમેદવાર વર્તમાનમાં કરાઈ ટ્રેનિંગ સેન્ટર ખાતે પીએસઆઈની તાલીમ લઈ રહ્યાં છે જેનું નામ પ્રિલીમનરી પરીક્ષામાં, ફિઝિકલ ટેસ્ટ રીઝલ્ટમાં કે મુખ્ય પરીક્ષાના પરિણામમાં પણ નથી અને તેમને ટ્રેનિંગ સેન્ટરમાં સીધી એન્ટ્રી મળી છે તેમજ તેઓ એક મહિના ઉપર ટ્રેનિંગ પણ પૂર્ણ થઈ ચુક્યાં છે જે એક ગંભીર બાબત છે. તેમણે સવાલ ઉઠાવ્યો છે કે શું ટ્રેનિંગ સેન્ટરમાં કોઈ ક્રોસ વેરીફાઈ કરવામાં આવતું નથી? અને તે સાથે આક્ષેપ પણ કર્યો છે કે આ કોઈ સહજ થયેલ ભૂલ નથી કે આ ફકત ડોક્યુમેન્ટ્સ સાથે ટેમ્પરિંગ કરી બનાવટી દસ્તાવેજ ઊભા કરેલા મામલો નથી, મોટા અધિકારીઓના મીઠી રહેમ નજર અને છત્રછાયાથી થયેલું સિસ્ટેમેટિક કૌભાંડ છે. આ કોઈ લાપરવાહી કે ડોક્યુમેન્ટ ટેમ્પરીંગનો મુદ્દો જ નથી, આ ફોર્ડ ઉચ્ચ અધિકારીના સાથ સહકાર વગર આ ક્યારેય શકય જ નથી. હાયર ઓથોરિટી પારદર્શિતાની વાતો કરે છે પરંતુ આમાં ક્યાં પારદર્શિતા જળવાય છે? આ સાથે યુવરાજસિંહે માંગણી કરી છે કે ૨૦૧૪ પછીની તમામ ભરતીમાં આ પ્રકારની તપાસ કરવામાં આવે કેમકે આ ફકત એક ઉમેદવાર પૂરતો મુદ્દો નથી, આ એક દાખલા રૂપ માહિતી છે.

આ પ્રકારે અન્ય ભરતીમાં પણ બહુ મોટા પાયે કૌભાંડ થયેલાં હોઈ શકે છે જેની તટસ્થતા સાથે સચોટ તાપસ થવી ખૂબ જરૂરી છે તેમજ વર્તમાન બોર્ડના ચાર્જમાં રહેલા તમામ સભ્યોને થોડા સમય બરતરફ કરી આ મુદ્દે નિષ્પક્ષ તપાસ કરવામાં આવે અને આવા બનાવો ઉપર સચોટ અને સાચો ન્યાય કરવામાં આવે, એકશન લેવામાં આવે જેથી આવું ભવિષ્યમાં ન થાય.

દહેગામ માર્કેટ યાર્ડના બોર્ડ ઓફ ડિરેક્ટર્સની બેઠકમાં આજે પરિણામ જાહેર થશે

ગાંધીનગર, તા. ૨૭

દહેગામ માર્કેટયાર્ડના ચેરમેનની ચૂંટણી અંગે પાંચ વર્ષ બાદ આજે હાઈકોર્ટના ચુકાદા બાદ પરિણામની જાહેરાત થશે.

૨૦૧૭માં યોજાયેલી ચૂંટણીનું પરિણામ જાહેર કરવા અંગેના ચુકાદા પછી કાલે મળનાર બોર્ડ બેઠકમાં વિધિવત્ રીતે આ પરિણામ જાહેર કરાશે. આ માટે તમામ બોર્ડ ઓફ ડિરેક્ટર્સને એજન્ડા પાઠવી દેવામાં આવ્યો હોવાનું જાણવા મળેલ છે.

દહેગામ માર્કેટયાર્ડમાં ૧૭ ડીરેક્ટરો માટેની ચૂંટણી ૨૦૧૭માં યોજાઈ હતી પણ પરિણામને લઈ સમગ્ર મામલો હાઈકોર્ટમાં પહોંચ્યો હતો. જેના કારણે પાંચ-પાંચ વર્ષના સમય પછી પણ પરિણામ જાહેર કરવામાં આવી શક્યું નહોતું. ચાર મતને માન્ય ગણવા કે અમાન્ય ગણવા તેવા ઉમેદવારોના આક્ષેપો બાદ સમગ્ર મામલો હાઈકોર્ટમાં ગયો હતો અને કોર્ટે સ્ટે આપ્યો હતો. હવે હાઈકોર્ટે આખરે આદેશ જારી કર્યો છે અને આવતીકાલે મંગળવાર ચૂંટણીનું પરિણામ જાહેર કરવા માટે કહ્યું છે. હાઈકોર્ટમાં ગયેલી મેટરનો નિકાલ છેક પાંચ વર્ષ બાદ આવતાં આવતીકાલથી એપીએમસીનું બોર્ડ અસ્તિત્વમાં આવશે અને જે ચૂંટણી ૨૦૨૩માં યોજાવાની હતી તે ચૂંટણી હવે છેક ૨૦૨૮માં યોજાશે. દહેગામ એપીએમસીમાં ૧૭ ડીરેક્ટરો માટે ૨૦૧૭માં ચૂંટણી યોજાઈ હતી અને બાદમાં બોર્ડની મળેલી બેઠકમાં ચેરમેન તરીકે સુમેરુભાઈ આર.અમીન અને વાઈસ ચેરમેન તરીકે કાળીદાસ ગિરધરદાસ પટેલની નિયુક્તિ કરવામાં આવી હતી.

જો કે, બોર્ડના બે ઉમેદવારો ડોકટર ચીનુભાઈ પટેલ અને મનાજી ઠાકોર વચ્ચે ચાર મતને લઈ આક્ષેપ-પ્રતિ આક્ષેપ થયા હતા અને આ ચાર મતને માન્ય ગણવા તેમજ અમાન્ય ગણવા માટે ઉમેદવારોએ રજૂઆતો કરી હતી. જેના કારણે ચૂંટણીનું પરિણામ જાહેર કરવામાં આવી શક્યું નહોતું અને જે દરમિયાન સમગ્ર મામલો હાઈકોર્ટમાં પહોંચ્યો હતો. હાઈકોર્ટે આખરે પાંચ વર્ષના લાંબા સમય બાદ ગત ૭મી ફેબ્રુઆરી-૨૦૨૩ના રોજ આદેશ જાહેર કરતાં કહ્યું કે, આવતીકાલે ચૂંટણીનું પરિણામ જાહેર કરી દેવામાં આવે.

હવે સત્તાવાર રીતે કાલથી બોર્ડ અસ્તિત્વમાં આવશે

દહેગામ એપીએમસીની ૨૦૧૮માં ચૂંટણી યોજાઈ હતી પણ ચાર મતને લઈ સમગ્ર મામલો હાઈકોર્ટમાં પહોંચ્યો હતો અને કોર્ટે સ્ટે આપ્યો હતો. હવે કોર્ટના આદેશ બાદ આવતીકાલે પરિણામ જાહેર કરવામાં આવશે. હવે આવતીકાલથી જ એપીએમસીનું સત્તાવાર બોર્ડ અસ્તિત્વમાં આવશે. જે ચૂંટણી ૨૦૨૩માં યોજાવાની હતી તે હવે છેક ૨૦૨૮માં યોજાશે. એપીએમસીના એક્ટ મુજબ હવે કાલે ચૂંટણી પરિણામ જાહેર થયા બાદ નવી બોડી અસ્તિત્વમાં આવશે અને તેનો કાર્યકાળ પાંચ વર્ષ સુધીનો રહેશે. એટલે કે હવે છેક ૨૦૨૮ સુધી ૨૦૧૮માં ચૂંટાયેલી બોડી કાર્યરત રહેશે.

શાકમાર્કેટ બનાવવાનું પણ ખોરંભે પડ્યું

એપીએમસીનો મામલો હાઈકોર્ટમાં પહોંચતાં કોર્ટે પરિણામ ઉપર સ્ટે ફરમાવી દીધો હતો અને જેના કારણે પાંચ વર્ષ સુધી એપીએમસી દ્વારા કોઈ નવીન કામ થઈ શક્યું નહોતું. ગાંધીનગર રોડ ઉપર એપીએમસી દ્વારા જમીન લેવામાં આવી હતી અને ત્યાં શાકમાર્કેટ બનાવવાનું આયોજન હતું પણ બોડી અસ્તિત્વમાં ન હોવાના કારણે આ કામ પણ ખોરંભે પડ્યું હતું. હવે આવતીકાલે પરિણામ જાહેર કરવામાં આવ્યા બાદ બોડી અસ્તિત્વમાં આવ્યા બાદ શાકમાર્કેટનું ખોરંભે પડેલું કામ શરૂ કરવામાં આવી શકે છે.

શારદા કોલેજ ઓફ ફિઝિયોથેરાપી દ્વારા ઓન ફિલ્ડ સ્પોર્ટસ ફિઝિયોથેરાપી સર્વિસ

ગાંધીનગર, તા.૨૭

પેથાપુર સ્થિત શારદા કોલેજ ઓફ ફિઝિયોથેરાપી દ્વારા ૨૬ ફેબ્રુઆરીના રોજ આયોજીત શિલ્પ આરંભ - ગિફ્ટ સિટી રન ૨૦૨૩મા ઓન ફિલ્ડ સ્પોર્ટસ ફિઝિયોથેરાપી સર્વિસ આપવામાં આવી હતી. ડ્રગ ફ્રી ફ્યુચરની થિમ અંતરગત યોજાયેલી આ મેરેથોનમાં ૭૦૦૦ જેટલા લોકો જોડાયા હતા અને તેમને મેરેથોન પહેલા, મેરેથોન દરમિયાન અને મેરેથોન પછી ફિઝિયોથેરાપી સેવાઓનો લાભ મેળવેલ.

પડતી મુકાઈ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

હાલાકી વેઠવી પડે છે આ વિસ્તારના નાગરિકોને આ દુવિધામાંથી કાયમી છુટકારો મળે તેના માટે સીસી રોડ બનાવાનું આયોજન કરવામાં આવ્યું હતું સમગ્ર યોજના તૈયાર કરી દેવાઈ હતી. નાણાકીય જોગવાઈના અભાવે ગુડાના માળખાગત સુવિધાના કામો પણ ઠપ્પ થઈ ગયા છે

કેબલ આવ્યો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ટ્રાફિકનો ધમધમાટ જોવા મળે છે. જેથી ગાંધીનગર અમદાવાદ વચ્ચેના વિવિધ રૂટમાં પણ ટ્રાફિકનો સિનારીયો બદલાયો છે. આવા સંજોગોમાં વિવિધ ઠેકાણે ટ્રાફિકની સ્થિતિને અનુલક્ષી ઓવરબ્રિજનુ કામ હાથ ધરવામાં આવી રહ્યુ છે. આગામી દિવસોમાં બ્રિજ તૈયાર થઈ જતા બન્ને સીટી વચ્ચે અવરજવર કરવાનુ પણ વધુ સરળ બનશે આ ઉપરાંત ટ્રાફિકની અવરજવર સરળ થવાની સાથે માર્ગ સલાતમીને જોખમમાં મુકતા પરિબળોને પણ ડામી શકાશે.

વાવણી માટે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

૧૫ હેકટર વિસ્તારમાં નવા રોપાઓનુ વાવેતર કરવા માટે આયોજન કરાયુ છે. જેમાં શહેરના મુખ્યમાર્ગો આસપાસ સ્થિત વન આરક્ષિત વિસ્તારમાં પણ અવનવા રોપાઓની વાવણી કરાશે. જયારે આ માટે વનતંત્ર દ્વારા ખાડા ખોદવાનુ કામ શરૂ કરી દેવાયુ છે. શહેરના ચ માર્ગ પર સે- ૮ માં પણ નવા રોપાઓની વાવણીને અનુલક્ષી ખાડા ખોદવામાં આવી રહ્યા છે. ચોમાસા દરમિયાન નવા રોપાઓ ઉછેરવા માટે વનતંત્ર દ્વારા ખાલી જગ્યાનો પણ સર્વે હાથ ધરવામાં આવે છે તે મુજબ નવા રોપાઓ ક્યાં અને કેટલા વાવેતર કરવા તેનુ ચિત્ર પણ સ્પષ્ટ થઈ જાય છે. શહેરમાં આગામી ચોમાસાને અનુલક્ષી અંદાજિત ૧૫ હજાર જેટલા નવા રોપાઓની વાવણી કરવા માટે પણ આયોજન કરી દેવાયુ છે. જે મુજબ હાલ ગરમીના દિવસોમા ખોદકામ પણ કરવામાં આવી રહ્યુ છે.

હજુ ઘટ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વિકસાવાશે તેવી વાત પણ સામે આવી હતી જો કે આ યોજનાનુ પીંડલુ વળી જતા નગર વચાળે સ્થિત ડેપો સંકુલમાં પાકીટ મારોનુ રાજ ચાલે છે. મુસાફરોની સલામતીના નામે પણ મીંડુ ચિતરાયેલુ છે. એસ ટી નિગમ અને ડેપો કક્ષાએથી અનેકવાર પોલીસ તંત્રને પત્ર પણ લખવામાં આવ્યા છે આમછતા કોઈ એકશન લેવાતા નથી. મુસાફરો માટે જરૂરી સુવિધાઓ પણ ઉભી કરવાની અનિવાર્યતા છે. બીજીતરફ ડેપો પાસે મેનપાવરનો પણ અભાવ છે. નવી ભરતી સામે નિવૃત થતા ડ્રાઈવર કંડકટરોના લીધે ઘટની સમસ્યા હરહંમેશ યથાવત રહે છે. ડેપોમાં હાલની સ્થિતિએ ૨૦૦ ડ્રાઈવર ફરજ પર છે. જયારે ૧૩ ડ્રાઈવરોની ઘટ છે જયારે હાલ ૩૦ મિકેનીક બસના સર્વિસ સહીત મેઈનટેન્સની કામગીરી સંભાળે છે. ૩૩ મિકેનિકની અને ૨૧૪ કન્ડકર ફરજ પર છે જયારે ૧૦ કન્ડકટરોની ઘટ છે. જો કે ડેપો સંકુલને સમયાંતરે ભરતી પ્રકીયાના અંતે ડ્રાઈવર કંડકટોરોની ફાળવણી પણ કરવામાં આવે છે. ડેપો તંત્ર દ્વારા પ્રતિદિન શહેરી બસ સેવાના રૂટમાં અંદાજિત ૩૭૫ ટ્રીપો દોડવામાં આવે છે. જેના અંતે ૨૪ કલાક દરમિયાન હજારો કી મીનુ સંચાલન કરવામાં આવે છે. જયારે ગાંધીનગર ડેપો કક્ષાએથી કર્મચારીઓ માટે પોઈન્ટ બસ સેવા પણ પુરી પાડવામાં આવે છે. એસ ટી ડેપો કક્ષાએથી શહેરી બસ સેવા ઉપરાંત લગ્ન વર્ધિ તેમજ ધાર્મિક અને સરકારી કાર્યક્રમોમાં પણ બસો ફાળવવામાં આવે છે. ત્યારે ડેપોમાં મેન પાવરની ઘટ નિવારવાનુ પણ અનિવાર્ય છે. જો કે સુત્રોના જણાંવ્યા મુજબ આગામી દિવસોમાં ડેપોમાં ડ્રાઈવર કંડકટરની ઘટનો પ્રશ્ન હલ થઈ જશે.

માસ પ્રમોશન

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ધોરણમાં મોકલવામાં આવશે નહીં. એટલે કે જો કોઈ વિદ્યાર્થીને ધોરણ પથી ૮માં બે વિષયમાં ઉપ કરતા ઓછા માર્ક્સ આવશે તો તેને નાપાસ કરવામાં આવશે અને વિદ્યાર્થીએ બીજીવાર તે ધોરણનો અભ્યાસ કરવો પડશે. દેશમાં ૨૦૨૦ની શરૂઆતમાં કોરોના સંક્રમણની શરૂઆત થઈ હતી. ત્યારબાદ દેશભરમાં લૉકડાઉન લાગૂ કરવામાં આવ્યું હતું. ગુજરાત સહિત દેશભરમાં ચાલેલા કોરોના સંકટ દરમિયાન શિક્ષણ પર સૌથી ખરાબ અસર પડી હતી. દરેક સ્કૂલમાં ઓનલાઈન અભ્યાસ શરૂ કરવામાં આવ્યો હતો. તેને જોતા રાજ્ય સરકાર દ્વારા પણ ધોરણ ૧થી ૮ સુધીના તમામ વિદ્યાર્થીઓને માસ પ્રમોશન આપવામાં આવ્યું હતું.

પરંતુ હવે કોરોના સંકટ દૂર થઈ ગયું છે. આ વર્ષે શાળાઓ પણ રાબેતા મુજબ ચાલી હતી. એટલે રાજ્યના શિક્ષણ વિભાગે હવે ધોરણ પથી ૮ના બાળકોને જો બે વિષયમાં ઉપ કરતા ઓછા માર્ક્સ હોય તો તેને નાપાસ કરવાનો નિર્ણય કર્યો છે. રાજ્યની દરેક પ્રાથમિક શાળામાં આ અંગેનું જાહેરનામું પણ મોકલી દેવામાં આવ્યું છે.

રિમાન્ડ

● અનુસંધાન પહેલાનું ચાલુ

સીબીઆઈના વકીલે કહ્યું કે તપાસ દરમિયાન જાણવા મળ્યું છે કે સિસોદિયાએ સચિવને મૌખિક રીતે સૂચના આપી હતી. તેમને નવી કેબિનેટ નોંધ બનાવવા માટે કહેવામાં આવ્યું હતું. તેનો હેતુ નીતિમાં ફેરફાર કરવાનો હતો. સિસોદિયા કેબિનેટ દ્વારા રચવામાં આવેલા મંત્રીઓના જૂથનું નેતૃત્વ કરી રહ્યા હતા જેણે આબકારી નીતિ ઘડી હતી. આ આખો મામલો નફો મેળવવાનો હતો. પ્રોફિટ માર્જિન ૫ ટકાથી વધીને ૧૨ ટકા થયો છે. સિસોદિયા એ સમજાવી શક્યા નહોતા કે પોલિસી કેમ બદલાઈ. આ કાવતરું ખૂબ જ ગુપ્ત રીતે ઘડવામાં આવ્યું હતું.

ભૂકંપના આંચકા

● અનુસંધાન પહેલાનું ચાલુ

પશ્ચિમ ભાગમાં આવેલા કાશગર અને આર્ટાક્સમાં પણ અનુભવાયો હતો. ભૂકંપનું કેન્દ્ર પૃથ્વીની સપાટીથી ૫ કિમી ઊંડુ હતું. જો કે તેના કારણે કોઈ જાનહાની નહોતી થઈ. ૬ ફેબ્રુઆરીએ તુર્કી અને સીરિયામાં આવેલા ૭.૮ની તીવ્રતાના ભૂકંપના કારણે ભારે તબાહી સર્જાઈ છે. બંને દેશોમાં અત્યાર સુધીમાં ૫૦,૦૦૦ થી વધુ લોકોના મોત થયા છે.

જમા થયા

● અનુસંધાન પહેલાનું ચાલુ

દેશના તમામ જમીનધારક ખેડૂત પરિવારો પીએમ કિસાન હેઠળ પાત્ર છે, અમુક બાકાત માપદંડોને આધીન અત્યાર સુધીમાં, ૧૧ કરોડથી વધુ ખેડૂત પરિવારોને ૨.૨૫ લાખ કરોડથી વધુ ભંડોળનું વિતરણ કરવામાં આવ્યું છે, મુખ્યત્વે નાના અને સીમાંત. ઉલ્લેખનીય છે કે, કોવિડ લોકડાઉન દરમિયાન આ ખેડૂતોને ટેકો આપવા માટે રૂ. ૧.૭૫ લાખ કરોડ બહુવિધ હપ્તાઓમાં વહેંચવામાં આવ્યા હતા.

મુંબઈમાં એન્ટ્રી

● અનુસંધાન પહેલાનું ચાલુ

સૂત્રો અનુસાર એનઆઈએએ માહિતી આપી છે કે મધ્યપ્રદેશનો રહેવાશી મેમણ ચીન, હોંગકોંગ અને પાકિસ્તાનમાં ટ્રેનિંગ લઈ ચૂક્યો છે. એનઆઈએએ ઈમેલ પર વ્યક્તિનો આધારકાર્ડ, ડ્રાઈવિંગ લાઈસન્સ અને પાસપોર્ટ મુંબઈ પોલીસને મોકલી દીધો છે. સૂત્રોએ કહ્યું કે આ ઈમેલ મળ્યા બાદ તપાસ એજન્સી એલર્ટ થઈ ગઈ હતી. મુંબઈ પોલીસે આ મામલે ઈન્દોર પોલીસને પણ જાણ કરી દીધી છે.

સમસ્યા થશે

● અનુસંધાન પહેલાનું ચાલુ

ભારતીય હવામાન વિભાગના જણાવ્યા અનુસાર દેશમાં ગરમીમાં એકતરફી વધારાને કારણે ખેડૂતોને ઘણું નુકસાન થઈ શકે છે. એટલા માટે ખેડૂતોને ઘઉં અને અન્ય પાકની તપાસ કરવા માટે કહેવામાં આવ્યું છે. ગરમીની મોસમ અસામાન્ય રીતે શરૂ થઈ છે. તે જ સમયે,